*If you want to fly, We provide wings...*

# ICE®

# TRENDING CURRENT

TOPIC
42

## G-20 બેઠક




ચર્ચામાં શા માટે ?

આ બેઠક વિશે :-

G-20 વિશે :-

**સંપાદક**
મૌલિક ગોંધિયા
(Director - ICE)

**TOPIC-42નો**
**વીડિયો જોવા માટે અહીં**
**CLICK કરો**

YouTube
ICE RAJKOT
SUBSCRIBE
માટે અહીં
CLICK કરો

અમારી સાથે જોડાયેલા રહો :

www.iceonline.in
t.me/icerajkotofficial
9375701110/9328001110

## ચર્ચામાં શા માટે ?

- તાજેતરમાં સાઉદી અરેબિયાના રિયાધ શહેરમાં G-20 દેશોના કેન્દ્રીય નાણાં મંત્રીઓની અને સેન્ટ્રલ બેંક ગવર્નન્સની બેઠક મળી હતી.
- નોંધનીય છે કે આ બેઠકનું પ્રથમ વખત કોઈ આરબ દેશમાં આયોજન કરવામાં આવ્યું હતું.
- આ બેઠકની થીમ : "બધા માટે 21મી સદી તકોની અનુભૂતિ" (Realsing Opportunities of the 21st Century for all) રાખવામાં આવી હતી.

## આ બેઠક વિશે :-

- આ બેઠકમાં વૈશ્વિક અર્થતંત્ર અને રાષ્ટ્રીય અર્થવ્યવસ્થા પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. જે ઘરેલું અર્થતંત્ર અને વૈશ્વિક અર્થવ્યવસ્થાને સંકલન કરવામાં મદદ કરશે.
- વિવિધ દેશો દ્વારા આર્થિક સુધારાની દૃષ્ટિએ ઘરેલું પ્રયત્નો શેર કરવામાં આવ્યાં હતા.
- જેમાં કોરોના વાઈરસ જેવા રોગચાળાની ઓળખ, તેમની અસરો, રોગનો ફેલાવો અને રોગના નિવારણ અંગે ચર્ચા કરવામાં આવી હતી.
- આ ઉપરાંત G-20ની આ બેઠકમાં સમાવિષ્ટ દેશોના દ્વિપક્ષીય સંબંધોને મજબૂત બનાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.
- વર્ષ 2020માં G-20 Summit નું આયોજન પણ રિયાધ શહેરમાં 21-22 નવેમ્બરના રોજ કરવામાં આવશે.

## ભારત દ્વારા આપવામાં આવેલા સૂચનો વિશે :-

- ભારતીય નાણામંત્રીએ આ બેઠકમાં કોર્પોરેટ બોન્ડ માર્કેટને મજબૂત બનાવવા, ખાનગી દેવું અને સરકારી સિક્યૂરિટીઝ બજારોમાં વિદેશી પોર્ટફોલિયોના રોકાણને આકર્ષિત કરવા માટે ભારતે લીધેલા પગલાઓ પર પ્રભાવ પાડ્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસને ધ્યાનમાં રાખીને, નાણામંત્રીએ તમામ દેશોને સામાન્ય રીતે વ્યાખ્યાયિત અભિગમ વિકસાવવાથી દૂર રહેવાનું સૂચન કર્યું હતું. કારણ કે વિવિધ દેશો ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં તક્નિકી અપનાવવાના વિવિધ તબક્કામાં છે.

## G-20 વિશે :-

- G-20ને "Group of Twenty" તરીકે પણ ઓળખવામાં આવે છે.
- G-20 ભારત સહિત વિશ્વના 19 શકિતશાળી દેશો અને યુરોપિયન યુનિયનનો સમૂહ છે.
- આ સંગઠનના 20 સભ્યોમાં યુરોપિયન યુનિયન ઉપરાંત ભારત, આર્જેન્ટિના, ઓસ્ટ્રેલિયા, બ્રાઝિલ, કેનેડા, ચીન, ફ્રાન્સ, જર્મની, ઈન્ડોનેશિયા, ઈટાલી, જાપાન, મેક્સિકો, રશિયા, સાઉદી અરેબિયા, દક્ષિણ આફ્રિકા, દક્ષિણ કોરિયા, તૂર્કી, બ્રિટન અને અમેરિકાનો સમાવેશ થાય છે.
- ચીન સિવાય ભારતનો એકપણ પડોશી દેશ G-20 સમૂહનો સભ્ય નથી.
- સમગ્ર વિશ્વના કુલ GDPમાં આ સમૂહ 90 ટકા વિશ્વ વ્યાપારમાં 80 ટકા, વિશ્વની કુલ વસ્તીમાં બે તૃતીયાંશ અને વિશ્વના જમીન વિસ્તારમાં અંદાજે અડધો હિસ્સો આ સમૂહ ધરાવે છે.
- G-20 સમૂહની સ્થાપના 26 સપ્ટેમ્બર, 1999ના રોજ થઈ હતી.
- વર્ષ 2018માં આર્જેન્ટિનામાં યોજાયેલી 13મી G-20 સમિટના સમાપન પ્રસંગે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ 2022માં G-20-Summit ભારતમાં નવી દિલ્હી ખાતે યોજવાની જાહેરાત કરી હતી. આ જાહેરાત અનુસાર વર્ષ 2022માં ભારતની આઝાદીને 75 વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે ભારતમાં સૌપ્રથમ વખત આ સમિટ યોજાશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે
નીચે આપેલા અમારા
Social Media Icon પર Click કરો.

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT